**ક્રિ. પ. અરજી નં. ૧૧૭૩૭/૨૦૨૩**　　　　**આંક–૧　લગત હુકમ :–**

(૧)　　　હાલની અરજી આ કામના અરજદારે પોતાના ભરણપોષણની રકમ વસુલ મેળવવા માટે કરેલ છે. હાલની અરજીમાં તેણીએ કુલ– ૪૫ માસના ભાડા ની રકમ રૂા.૯૦,૦૦૦/– મેળવવા માટે અરજી કરેલ છે.

(૨)　　　અરજી દાખલ થતાં સામાવાળા સામે નોટીસ કાઢવાનો હુકમ કરવામાં આવેલો અને આરોપી સ્થળ પર મળી આવતા ન હોય અનેક નોટીસો બાદ આર.પી.એ.ડી.થી તા.૧૬.૧૨.૨૦૨૩ ના રોજ નોટિસ બજાવેલ છે અને ત્યારબાદ વખતોવખત રીકવરી વોરંટ ઇશ્યુ કરેલ છે જે રેકર્ડમા રજુ થયેલ છે અને રેકર્ડ જોતા આંક– ૦૫ થી સામાવાળાનો જવાબ રજુ થયેલ છે અને તા.૧૮.૦૧.૨૦૨૪ સુધી તેઓ રકમ ભરી શકેલ નથી અને અરજદાર અમોના મકાનમા કબજો કરેલ છે તેઓ ભાડા રહેતા નથી તેમ જણાવેલ છે પરંતુ સદરહુ અરજી પર તા.૦૭.૦૨.૨૪ થી આજદિન સુધી કોઇ હુકમ થયેલ નથી. રેકર્ડ જોતા તેમના વાધા જોતા અરજદારે ૪૫ માસની રકમ માંગેલ છે તે જોતા કલમ ૧૨૫(૩) ના નિયમ જોતા રીકવરી ફકત ૧૧ મહિનાની કરી શકાય છે ત્યારબાદ તેવી રીકવરી કાયદેસરની કાર્યવાહી કરવાની રહેતી ન હોય સામાવાળાના વાધા જોતા અશંત મજુર રાખવા પાત્ર જણાતા હોય ૪૫ નહી પરંતુ ૧૧ મહિનાની રૂા.૨૨,૦૦૦/– લેવા હકદાર થતા હોય અને તેવી રકમ સામાવાળાએ વાંધા આપ્યા બાદ આજદિન સુધી ભરેલ ન હોય તેવા સંજોગોમા　ત્યારબાદ પણ આજદિન સુધી કોઇ રકમ ભરેલ નથી અને આજરોજ વકીલશ્રી તરફે પુરસીસ આપી તેઓ હાલ ૧૨૫ અન્વયે ભરણપોષણની કોર્ટના ડિફોલ્ટમા જેલમા હોવાની પુરસીસ આપેલ છે સબબ ઉપરોક્ત સ્થિતીમા સામાવાળાને પુરતો સમય આપેલ હોવા છતા રકમ ભરેલ નથી કે રીકવરીની કોઇ શકયતા રહેલ ન હોય

(૪)　　　સામાન્ય રીતે ક્રિ. પ્રો. કોડની કલમ–૧૨૫(૩)ની અરજીનો નીકાલ કરતી વેળાએ કોર્ટની એ જોવાની ફરજ છે કે, સામાવાળા માટે ભરણપોષણ નહી ભરવા માટે પુરતું કારણ છે ? અને જો પુરતું કારણ ન હોવા છતાં સામાવાળા ભરણપોષણની રકમ ચુકવવા માટે ખુશી ન હોય તો તવાં સંજોગોમાં જ કોર્ટ ભરણપોષણની રકમ ચુકવવામાં કરેલ કસુર બદલ સામાવાળાને જેલમાં મોકલવાનો હુકમ કરી શકે.

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૨૫(૩) ના નિયમો ડો.વા.એકટ અન્વયેની

રીકવરીને લાગુ પડતા હોય તેની જોગવાઈનો હેતુ પરીપુણ કરવા માટે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે .

**-:: <u>આખરી હુકમ</u> ::-**

આ કામના સામાવાળા જગદીશ બુધાભાઇ પ્રજાપતિ, રહે. રણછોડનગર ચાંદલોડીયા અમદાવાદ (હાલ સાબરમતી જેલ અમદાવાદ)નાઓને ક્રિ. પ્રો. કોડની કલમ-૧૨૫(૩) અન્વયે અરજદારની ભરણપોષણની કુલ - ૧૧ માસની કુલ રકમ રૂા. ૨૨,૦૦૦ /- નહી ભરવા બદલ, દરેક માસની ભરણપોષણની રકમ ભરવામાં કરેલ કસુર બદલ **<u>માસ દીઠ દિન-૦૪ લેખે કુલ દિન- ૪૪ ની સાદી કેદની સજા ભોગવવાનો</u>** હુકમ કરવામાં આવે છે. દરમ્યાનમાં જો સામાવાળા ભરણપોષણની આ બાકી રકમ પેટે જેટલી રકમ ચુકવે તેટલી કેદની સજા મજરે આપવી.

હુકમની એક નકલ સામાવાળા ને વિનામૂલ્યે તાત્કાલીક આપવાનો હુકમ કરવામાં આવે છે. સામાવાળા જગદીશ બુધાભાઇ હાલ સેન્ટ્રલ જેલમા હોય સજા વોરંન્ટ નિયમ મુજબ સેન્ટ્રલ જેલ તરફ આગળની કાર્યવાહી માટે મોકલાવવુ.

આ હુકમ આજ **તારીખ** ૦૮ **મી માહે ફેબ્રુઆરી સને ૨૦૨**૫ **ના** રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૮/૦૨/૨૦૨૫
સ્થળ:અમદાવાદ

(શ્રી જે. એસ. શાહ)
એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ
કોર્ટ નં. ૧૦ અમદાવાદ
જી.જે.૦૦૯૩૬